ગાંધીનગર સમાચાર
તા. ૧-૧૧-૨૦૧૩, શુક્રવાર

તંત્રી સ્થાનેથી.....

રાજકીય પરિબળો ધ્રુવીકરણના માર્ગે

ભૂતકાળમાં એક જ સમર્થ નેતા વિરુદ્ધ ધ્રુવીકરણની જે ઐતિહાસિક ઘટના બની હતી તે કટોકટી પછી તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધી સામે સાકાર થઈ હતી. એ વખતે મુદ્દો લોકશાહીના ગળે ટૂંપો આવી રહ્યો હતો એનું નિવારણ કરવાનો હતો. ઈંદિરા ગાંધીને સત્તા પરથી હટાવવા પરસ્પર વિરોધી વિચારસરણી ધરાવતાં રાજકીય પરિબળો ભેગાં થયાં હતાં. ભારતીય લોકતંત્રના ઈતિહાસની આ વિરલ ઘટનાના કેન્દ્ર સ્થાને લોકનાયક જયપ્રકાશ નારાયણ જેવું સર્વાશ્લેષી અને અણીશુદ્ધ વ્યક્તિત્વ હતું. એમણે એકમેકના કાન કાપે એવા જમાનાના ખાધેલા મહત્ત્વાકાંક્ષી નેતાઓને એક મંચ પર અણી 'જનતા પાર્ટી' બનાવી હતી. જનતા પાર્ટીમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાંથી નારાજ થઈને નીકળી ગયેલી સંસ્થા કોંગ્રેસ ઉપરાંત ધરખમ કિસાન નેતા ચરણસિંહના નેતૃત્વ હેઠળનું લોકદળ અને હિંદુત્વની વિચારધારાને વરેલા જનસંઘનો સમાવેશ થતો હતો. કોંગ્રેસી નેતાઓ પૈકી યશવંતરાવ ચવ્હાણ બાબુ જગજીવનરામ અને હેમવતીનંદન બહુગુણા પણ પાછળથી ઈંદિરા ગાંધઈ સાથે છેડો ફાડીને સામા પડ્યા હતા. જનતા પાર્ટી તરીકે ઓળખાતા આ શંભુમેળઆએ ઈંદિરને હટાવવામાં તો સફળતા મેળવી હતી, પરંતુ એનો પ્રભાવ થોડા જ વખતમાં ઓસરવા લાગ્યો હતો. માંડ અઢી વર્ષ પૂરતું રાજ કરીને ત્રણ વરિષ્ઠ નેતાઓની સત્તા માટેની હૂંસાતૂંસીમાં પ્રજા સમક્ષ બાંધી મૂઠી ઊઘડી ગઈ હતી અને વાજતેગાજતે ઈંદિરા ગાંધીનું પુનરાગમન થયું હતું તે સર્વવિદિત છે. છેલ્લાં દસ વર્ષથી દિલ્હીના મયૂરાસન પર કોંગ્રેસના નેતૃત્વ હેઠળના સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન (યુપીએ)નું શાસન ચાલી રહ્યું છે. દેખીતું છે કે યુપીએ સરકારના કાર્યકાળમાં થયેલા વિવિધ કૌભાંડો તથા અસહ્ય મોંઘવારી જેવા મુદ્દાઓ ને કારણે વર્તમાન શાસન મંડળી માટે ત્રીજીવાર સત્તા સ્થાને આવવાનું અશક્ય નહીં તો અઘરું તો બની જ રહ્યું છે. સામે મુખ્ય વિરોધ પક્ષ એવી ભારતીય જનતા પાર્ટીએ ભારે મનોમંથનને અંતે ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદના દાવેદાર તરીકે આગળ ધરી એકીસાથે એમને હિંદુત્વ અને વિકાસ-ઉભય મદ્દે વટાવવાનો દાવ ખેલ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ મોદીના નામે ગણતરીપૂર્વકનો જુગાર ખેલ્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ નહીં ગણાય. છેલ્લે અગાઉના રાષ્ટ્રીય જનતાંત્રિક મોરચાની મોટા ભાગની ઈંટો એક પછી એક ખરતી ગઈ છે, જેમાં એના સૌથી મોટા સાથીપક્ષ જનતા દળ(યુ)ની વિદાય પછી ભારતીય જનતા પાર્ટી સાથે ફક્ત બે પ્રાદેશિક પરિબળો જ અધિકૃત રીતે જોડાયેલાં રહેવા પામ્યાં છે. મહારાષ્ટ્રમાં શિવસેના અને પંજાબમાં અકાલીદળને બાદ કરતાં ભાજપ દેશ આખામાં એકલું અટૂલું પડી ગયું છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અગ્રણીઓના આગ્રહથી ભાજપ મોવડી મંડળે એની ગુમાવેલી ભોંય પરત મેળવવા હિંદુત્વનો જૂનો રાગ આલાપવાનું સ્વીકાર્યું છે. નરેન્દ્ર મોદીની ઝુઝારુ રાષ્ટ્રવાદી નેતા તરીકેની ઈમેજ, ગુજરાતના ચોમુખી વિકાસનું કહેવાતું મોડલ અને સૌથી ઉપર મોદીની જાદુઈ વાક્છટાને કારણે જયારથી 'દઈનો ઘોડો' છુટ્ટો મુકાયો છે ત્યારથી કોંગ્રેસ અને અન્ય પ્રાદેશિક પક્ષોની ઊંઘ હરામ થઈ ગઈ છે. મોદી પડકાર આપનારા અને ઝીલનારા નેતા છે. બિહારના મુખ્યમંત્રીએ એમને પ્રવેશબંધી ફરમાવેલી તે જદ(યુ) દ્વારા ભાજપ સાથે છેડો ફાડતાંની સાથે ઊઠી જવા પામી હતી. પરંતુ એમ ઉપલક મુલાકાત લઈ પાછા વળી જાય તે બીજા. દિલ્હી, હૈદરાબાદ, ચેન્નાઈ અને કાનપુર તથા ઝાંસી પહોંચી જઈ કોંગ્રેસના 'શાહજાદા'ને પડકાર્યા હતા. બિહારના જાની દુશ્મન નીતીશકુમારના હોમગ્રાઉન્ડમાં દોડી જઈ મોદીએ પદ્ધતિસર 'હુંકાર' રેલી યોજાવીને એમની તાકાત બતાવી દીધી તે પછી દેશના પ્રાદેશિક પક્ષોને એમના અસ્તિત્વ સામે કોંગ્રેસ કરતાં મોદી મોટું જોખમ લાગવા માંડિયા છે. કયારેક ત્રીજો મોરચો રચી સત્તા પર આવવાનાં સપનાં જોનારા મુલાયમસિંહ યાદવ અને નીતીશકુમાર જેવા પ્રાદેશિક નેતાઓના પગ નીચે રેલો આવી જતાં એ હાંફળાફાફળા બની ગયા છે અને ઉતાવળે ચૌદ રાજકીય પક્ષોએ દિલ્હી ખાતે સંમેલન બોલાવી બિનસાંપ્રદાયિક પરિબળોની એકતાનું આહ્વાન કર્યું છે. લોકસભામાં સો ઉપર બેઠકો ધરાવતાં આ પ્રાદેશિક પરિબળોમાં ડાબેરી પક્ષો ઉપરાંત ઍનસીપી અને દક્ષિણના પ્રાદેશિક પક્ષો પણ સામેલ છે. જો કે ત્રીજા મોરચાની પદ્ધતિસરની રચના તો ચૂંટણી પછી જ શક્ય બનશે પરંતુ હાલ આ પરિબળો કોંગ્રેસ અને ભાજપ બેઉ મુખ્ય રાષ્ટ્રીય પક્ષોથી જુદો ચોકો ધરાવતા રાજકીય જૂથનું સ્વરૂપ ધારણ કરવાની દિશામાં આગળ વધવા માગે છે. ત્રીજો મોરચો રચવાની અગાઉ પણ અવારનવાર કોશિશ થતી રહી છે, અને છેવટે એ પાણીનો પરપોટો કે ફુલાવેલો ફુગ્ગો ફૂટી જતો રહ્યો છે. અત્યારે સૌથી મહત્ત્વનો મુદ્દો મોદીના વિજયરથને દિલ્હીનો લાલ કિલ્લો સર કરતાં રોકવાનો છે. જો કે આવા નકારાત્મક અભિગમનો લાભ અંકે કરવાના કીમિયાગર મોદી તો એમની હાથીની ગતમાં જ મસ્ત છે. ???

લોકો લક્ષ્મી અને ચોપડા પૂજનની તૈયારીમાં વ્યસ્ત

સમુદ્રમંથનમાંથી અમૃતના કળશ સાથે દેવતાઓના વૈદ્ય ધન્વંતરી પ્રગટ થયા હતા તેથી દિવસ ધનતેરસ ગણાય છે

અમદાવાદ, તા. ૩૧

આવતીકાલે ધનતેરસ છે. આસોમાસની વદ તેરસને ધનતેસર કહે છે. આ દિવસે ભગવાન ધન્વતરીની વિશેષ પૂજન-અર્ચન કરવામાં આવે છે. આ દિવસે જ સમુદ્રમંથનમાંથી અમૃતના કળશ સાથે દેવતાઓના વૈદ્ય ધન્વંતરી પ્રગટ થયા હતા તેથી આ દિવસને ધન્વંતરી જયંતિ તરીકે પણ મનાવવામાં આવે છે સાથે લક્ષ્મી પૂજા પણ થાય છે.

કારતક માસની વદ તેરસને ધનતેરસ કહે છે તે સુધ, સંપદા, ઐશ્વર્યને પ્રાપ્ત કરાવતો શુભઅવસર છે. આ દિવસે જ સમુદ્રમંથનમાંથી અમૃતના કળશ સાથે દેવતાઓના વૈદ્ય ધન્વંતરી પ્રગટ થયા હતા તેથી આ દિવસને ધન્વંતરી જંયતિ તરીકે પણ મનાવવામાં આવે છે. સાથે લક્ષ્મી પૂજા પણ થાય છે. ધનતેરસનું આધ્યાત્મિક દ્રષ્ટિએ પણ વિશિષ્ટ મહત્વ છે. સુર અને અસુર જ્યારે સમુદ્ર મંથન કરી રહ્યા હતા ત્યારે કેટલીક મુલ્યવાન ચીજો મળી હતી. તેમાં બધાથી મુલ્યવાન હતું અમૃત, આ અમૃતકળશ દેવતાઓના વૈદ્ય ધન્વંતરીના હાથમાં હતું. આ દિવસે દેવોને ધન્વંતરી દ્વારા જ અમૃત પ્રાપ્ત થયું હતું. ધન્વતરીને આમ તો દેવતાના વૈદ્ય કહેવામાં આવે છે પણ તેમાં ભગવાન વિષ્ણુનો અંશ પણ રહેલો છે. ધન્વંતરીની ઉત્પતિના ઉપલક્ષમાં પણ ધનતેરસ મનાવવામાં આવે છે. ધન્વંતરી દેવોના વૈદ્ય હોવાથી ધનતેરસનો દિવસ ચિકિત્સકો માટે પણ મહત્વનો છે. આજના દિવસે ચિકિત્સક પણ ધન્વતરી દેવતાની પૂજા અર્ચના કરીને પોતાના વ્યવસાય અને જ્ઞાનમાં વૃદ્ધિ વિકાસ માટે કામના કરે છે. કહેવાય છે કે લક્ષ્મીને વિષ્ણુનો શાપ હતો કે તેમને તેર વર્ષ ખેડૂતને ત્યાં રહેવાનું તેથી આ વર્ષો દરમિયાન ખેડૂતના ધનધાન્યમાં બહુ વૃદ્ધિ થાય છે, જ્યારે લક્ષ્મીજીના શાપનો સમય પૂર્ણ થયો ત્યારે વિષ્ણુજી તેમને લેવા માટે આવ્યા પરંતુ ખેડૂતને તેમને રોક્યા ત્યારે લક્ષ્મીજીએ ખેડૂતને વચન આપ્યું કે ધનતેરસના દિવસે દીપ પ્રગટાવીને મને શ્રદ્ધાથી યાદ કરવામાં આવશે તો ફરી તારા ગૃહમાં નિવાસ કરીશ. તે દિવસથી ધનથી પૂજાનું અને દીપ પ્રગટ્યનું મહત્વ આજ સુધી જળવાઈ રહ્યું છે.

કડીની પ્રભાવતી સ્કૂલના બાળકોની વિજ્ઞાનમેળામાં કૃતિ પ્રદર્શન કરાઈ

કડી, તા. ૩૦

કડી ખાતે આવેલા સર્વ વિદ્યાલય સંકુલની પ્રભાવતી સ્કૂલના બાળકોએ જિલ્લાકક્ષાના વિજ્ઞાનમેળામાં ભાગ લઈ શાળાનું ગૌરવ વધારેલ છે.

શંકલપુર મુકામે તા. ૨૧ થી ૨૩મી ઓક્ટોબરે યોજાયેલ આ વિજ્ઞાન મેળામાં વિભાગ-૩માં ઔષધિય વનસ્પતિની ઓળખ અને આયુર્વેદિક ગ્રાઈપવોટરની કૃતિ રજૂ કરી સ્પર્ધકો લક્ષ્મણ સોઢી અને લાલાભાઈ દરજીએ તેમના માર્ગદર્શન શિક્ષક દિનેશભાઈ પટેલ સહિત શાળા પરિવારનું ગૌરવ વધારવા બદલ શાળા પરિવાર વતી આચાર્ય ડૉ. બાબુભાઈ પટેલ તરફથી અભિનંદન મેળવેલ છે.

પી. કે. ચૌધરી મહિલા કોલેજના એન.સી.સી. કેડટસોનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૩૧

નવી દિલ્હીમાં એન.સી.સી. ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની એન.સી.સી. કેડટર્સ કબડ્ડી સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરીને કોલેજને ગૌરવ અપાવેલ છે. દરેક કેડટર્સને એન.સી.સી. ઓ. પ્રા. સોનલ મોદી અને કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી તથા કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

હરિની દ્રષ્ટિ...

ધન કમાવવા સારું પોસ્ટીંગ તો મારી પાસે છે જ પરંતુ હે મા, એવા પોલીસ અધિકારીનું પોસ્ટીંગ ગાંધીનગરમાં રાખજે જેથી મારી આ તિજોરી સલામત રહે... !!

જિલ્લા યુવક મહોત્સવમાં રાંધેજાના બાળકોનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાનો ૪૬મો યુવક મહોત્સવ કલોલ તાલુકાના વેડા હાઈસ્કૂલ ખાતે યોજાયો હતો. જેમાં શ્રી જે.એસ. પટેલ વિદ્યામંદિર રાંધેજાના બાળકોએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી શાળા તથા ગામનું નામ રોશન કરેલ છે.

આ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ જુદી જુદી સ્પર્ધામાં વિજેતા થયેલ હતા. લગ્નગીત સ્પર્ધામાં કુ. ભાવિકા પટેલ, કુ. સુરેખા પટેલ, કુ. નેહા અને કુ. નિધી પ્રથમ નંબરે વિજયી નિવડ્યા હતા. એક પાત્રિય અભિનયમાં કુ. મેઘના રાવલે પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો હતો. તો અજય સાધુ લોકવાદ્યમાં પ્રથમ નંબરે વિજેતા થયા હતા. આ ઉપરાંત સર્જનાત્મક કામગીરીમાં દશરથ ઠાકોર ત્રીજા નંબરે આવ્યા હતા. આ બાળકોને માર્ગદર્શન કરનાર શાળાના શિક્ષક એસ.જે. બલેવિયાને તેમજ વિજેતા સ્પર્ધકોને શાળા પરિવાર વતી આચાર્ય એસ.જી. પટેલે અભિનંદન પાઠવેલ છે.

૫૪માં રાજ્ય કલા પ્રદર્શનની કલાકૃતિઓનો સ્વીકાર

અમદાવાદ, તા. ૩૧

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા ૫૪મું રાજ્ય કલા પ્રદર્શન યોજાનાર છે. આ પ્રદર્શનમાં જુદી જુદી કલાઓ જેવી કે પેઈન્ટીંગ, શિલ્પ, ગ્રાફિક્સ, વ્યવહારિકકલા, ફોટોગ્રાફી તેમજ બાળ ચિત્રકલાના ક્ષેત્રના કલાકારોને પ્રોત્સાહન મળે તથા તેમનો ઉત્સાહ વધે તેમ આમજનતાની કલા પ્રત્યે રૂચી કેળવાય તેવા આશયથી સમગ્ર રાજ્યમાંથી કલા સ્પર્ધામાં કલાકારો, કલાના ચાહકો, કલા સંસ્થાના વિદ્યાર્થીઓ, શાળાઓમાં ધોરણ ૧ થી ૧૦માં ભણતા બાળકો પાસેથી તેમની કલાકૃતિઓ સ્પર્ધા માટે મંગાવવામાં આવે છે. આ પ્રદર્શનમાં કુલ ૮૯ જેટલા ઈનામો લલિત કલા અકાદમી તથા કલાકારોના પરિવારજનો તરફથી આપવામાં આવશે.

આ કલાકૃતિઓ આગામી તારીખ ૫મી ડિસેમ્બરથી ૯ ડિસેમ્બર દરમિયાન નિયત અરજી પત્રકો સાથે જ સચિવશ્રી, ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, રવિશંકર રાવલ કલાભવન, લો ગાર્ડન, ભાઈકાકાભવન સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬ ખાતે બપોરે ૧૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે. આ તારીખ દરમ્યાનમાં આવતા રવિવારે અરજી ફોર્મ સ્વીકારાશે નહી તેની નોંધ લેવી. સમય મર્યાદા બાદ મળેલા અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. અરજીપત્રકમાં સંપૂર્ણ વિગતો ભરીને પ્રદર્શનમાં રજૂ કરવાની કલાકૃતિ સહિત ઉપરોક્ત સરનામે રજૂ કરવાની રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે અરજી ફોર્મ રૂબરૂ અથવા પત્ર મારફતે ઉપરોક્ત સરનામેથી અથવા ઈન્ટરનેટ ઉપરથી www.sycd.gujarat.gov.in વેબસાઈટ પર ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીમાંથી ડાઉનલોડ કરી મેળવી શકાશે.

પીટીસી કોલેજનો શૈક્ષણિક પ્રવાસ

ગાંધીનગર, તા.૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ડૉ. રામભાઈ પટેલ પી.ટી.સી. કોલેજ દ્વારા એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કડીથી ત્રિમંદિર, અડાલજની વાવ, માણેકબા પીટીસી કોલેજ જેવા સુપ્રસિધ્ધ સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી.

પાટણ જિલ્લા દલિત સેનાનો તેજસ્વી તારલા સમાજ સેવકોનો સન્માન રમારોહ

ગાંધીનગર, તા. ૩૧

પાટણ જિલ્લા દલીત સેના દ્વારા તેજસ્વી તારલા, નિવૃત્ત કર્મચારીઓ અને સમાજમાં વિશિષ્ટ યોગદાન આપનાર વ્યક્તિઓનો સન્માન સમારંભ યોજાઈ ગયો.

દલીતસેના દ્વારા યોજવામાં આવેલા સન્માન સમારંભમાં સમાજમાં વિશિષ્ટ સેવા આપવા, દલીતોના પ્રશ્નોને વાચા આપતા, સમાજમાં રચનાત્મક પ્રવૃત્તિઓ કરતા ગાંધીનગર જિલ્લા દલીત સેનાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલાનું સમાજસેવક એવોર્ડ અને શાલ ઓઢાડી તેમજ સમાજના નિવૃત્ત કર્મચારીઓનું શિલ્ડ અને સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુકેશ ગુર્જર, ડી.બી. પરમાર, પાટણ જિલ્લા પ્રમુખ તુલશીભાઈ સોલંકી, ગોવિંદભાઈ, જયંતિભાઈ તેમજ મોટી સંખ્યામાં દલીત આગેવાનો અને સમાજ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દલીતસેના દ્વારા માહિતી પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આફ્રિકા સુદાનનાં યુવાઓ ગાંધીનગરની મુલાકાતે

'ભારત અને ગુજરાતનાં લોકો ખુબ જ પ્રેમાળ અને મિલનસાર છે. અહીં પ્રગતિ છે-વિકાસ છે. સાથે સાથે સ્રીઓને આગળ આવવાની તકો પણ ખુબ જ છે.' આ શબ્દો છે આફ્રિકાનાં સુદાનની રાજધાની ખારજીમેથી આવેલા છ યુવાનોના. શાલીન કોમ્પ્લેક્ષ સે-૧૧ ખાતે 'સર્પન્ટ કન્સલટીંગ સર્વિસ' માં સુદાનની આઈ.ટી. ઈલેક્ટ્રીસીટી કંપનીમાં સર્વિસ કરતા મીસ હાજીર, અલ મોઅઝર, અબુ બક્ર, અમન ઈબ્રાહીમ, મોહમ્મદ હસન, સાલેદ અમીન અહીં સોફટવેર વિષયક તાલીમ મેળવી રહ્યા છે. તા. ૧૯ ઓકટોબરથી તા. ૯ નવેમ્બર દરમિયાન સોફટવેર તાલીમ સાથે અક્ષરધામ, ગાંધી આશ્રમ તેમજ શહેરનાં અને નજીકના ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેશે. ૯૯ ટકા ઈસ્લામ ધર્મ ધરાવતા સુદાનમાં બીજો ધર્મ ખ્રિસ્તી છે. અને હજુ વિકાસશીલ દેશો સાથે તેને કદમ મિલાવતા સમય અવશ્ય લાગશે. પરંતુ આવનારી પેઢી ટેકનોલોજી સાથે તાલમેલ મીલાવી જરુર ભવિષ્ય ઉજજવળ કરશે તેવું સુદાનનાં આ યુવાનોનું પોતાના યુવા અને દેશ માટેનું મંતવ્ય છે.

મહાત્મા ગાંધી બાપુથી ખુબ જ પ્રભાવિત થયેલા સુદાનવાસીઓ ગાંધી વિચારોને જ સાચી પ્રગતિ અને મનુષ્ય મનષ્ય વચ્ચેનાં ભાઈચારાને જ સફળતા ગણાવે છે. જવાહરલાલ નહેરુ, ઝાંસી રાણી, લક્ષ્મીબાઈ વિશે સારી જાણકારી ધરાવતા આ બધા યુવાનોમાં ૧ યુવતી પણ છે. મુળ એરેબીક ભાષામાં પ્રાથમિક શિક્ષણ અને ત્યારબાદ ઉચ્ચતર અભ્યાસક્રમ અને કોલેજનાં અભ્યાસમાં વૈકલ્પિક ભાષા તરીકે અંગ્રેજી ભાષાનો ઉપયોગ થાય છે. ભારતીય સીને જગતમાં અમિતાભ બચ્ચન, શાહરૂક ખાન, સલમાન ખાનથી પરિચિત છે. ભોજનમાં નોનવેજ લેતા યુવકોને પંજાબી અને ગુજરાતી ભોજન સારું લાગે છે. મુખ્યત્વ ઓઈલ, માઈનીંગ, ખાંડ અને પશુપાલન પર નિર્ભર રહેતા સુદાન દેશને નવી દુનિયાથી તાલ મિલાવવાનાં પ્રયાસ રૂપે સોફટવેર તાલીમનાં ભાગરૂપે તક મળી છે તેવું તેમનું માનવું છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨ વર્ષથી સે-૧૧ શાલીન કોમ્પ્લેક્ષના ચોથે માળે આવેલ આ 'સર્પન્ટ કન્સલટન્ટ'ની મૂળ કામગીરી ઈન્ટરનેશનલ સ્તરે સરકારી-બીન સરકારી સંસ્થાઓને બીઝનેસ એપ્લીકેશન રીલેટેડ સોફટવેર વિષયક તાલીમ વિશ્વનાં ૨૪ દેશોમાં યુવકોને આપી રહ્યા છે. પ્રકાશનું પર્વ દિવાળીનો તહેવાર આ સુદાનનાં યુવકો અહીં જ માણવાનાં છે તેવું મેનેજીંગ ડાયરેકટર જય નીલેન્દુ વોરાએ જણાવ્યું છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

આફ્રિકાનાં સુદાનથી આવેલા યુવાનો ગાંધીનગરમાં સોફટવેરની તાલીમ લઈ રહ્યાં છે. આપણું આ નગર વિશ્વસ્તરે ખ્યાતિ પ્રાપ્ત કરી રહ્યું છે, તેમાં નખશીખ શંકા નથી. પરંતુ સન્માનનીય વાત છે.

દિપાવલીના દિપ આપ સૌનાં જીવનને રાઈટ સાઈડ બતાવતા રહે અને વિક્રમ સંવતનું નૂતન વર્ષ આપને કયારેય રોન્ગ સાઈડ જવા મજબૂર ના કરે તેવી શુભેચ્છાઓ... હેપ્પી દિવાલી...

ટેલિ રીઝન

\- સમીર રામી

● **બાપુ, રોન્ગ સાઈડ છે**

ચાલુ બાઈકે માથા અને ખભા વચ્ચે મોબાઈલ ફોનને સેન્ડવીચ બનાવી એક યુવાને ચાર રસ્તેથી રોન્ગ સાઈડ વળ્યો અને સામેથી આવતા બધા વાહન ચાલકોના જીવ અધ્ધર કરીને ફોનમાં મળેલી સૂચના 'થોડું રોન્ગ સાઈડ લે જે'ને અનુસરતો સરનામું શોધવા લાગ્યો. ત્યાંજ પાછળથી પોલીસદાદાની પરિચિત સીસોટીનો અવાજ સાંભળતા જ મોંઘા મોબાઈલ ફોનને નીચે પડતો માંડમાંડ બચાવી દયામણા મોંઢે ઉભો રહી ગયો. હવાલદારે પણ આ વાતનો એડવાન્સ જ લેતા દંડો બાઈક પાછળ પાછળ પછાડી ઉઘરાણી ભર્યા અવાજે ફરમાવ્યું 'બાપુ, રોન્ગ સાઈડ છે. ' અને પછી શું થયું હશે તે તો આપણા બધા માટે સહજ કલ્પનાતીત જ છે ને? આવા તો અનેક દ્રશ્યો અત્યારે ચાલી રહેલી ટ્રાફિક ઝુંબેશ વગર પણ આપણે જોવા મળે જ છે. બીટી ડબલ્યુ (બાય ધ વે) આસો માસના કૃષ્ણ પક્ષે યોજાતી આ ટ્રાફિક ઝુંબેશ હંમેશા લોકોને દિવાળીની ઉઘરાણી જ ભલે લાગતી હોય પણ ટ્રાફિક પોલીસ અને દિવાળીમાં કામ કર્યાનો સંતોષ પણ એટલો જ આપી જાય છે. એમાં પણ ગાંધીનગરના રાજમાર્ગોને ફુટેલી ફૂટપાથોને કારણે રોન્ગ સાઈડનો વકરો પણ સારો એવો વધી જવા પામ્યો છે.

જો કે વાત એકલી રોડ સાઈડની નથી, અત્યારે તો પલંગથી લઈને પાર્લામેન્ટ સુધી રોન્ગ સાઈડનો ઓવરલોડ વધી ગયો છે જે દિવસે સાસુ-વહુનો ઝઘડો થવાનો હોય તે દિવસે પહેલાથી જ. પત્ની પતિદેવને કડક સૂચના આપી દે કે, આ વખતે તો તમે મારી સાઈડે જ બોલજો. અને આ વ્રત નિભાવ્યા પછી પણ પતિદેવને રાત્રે બારી વાળી સાઈડે તો સુવા મળતું નથી. એટલે જ કુંવારા તો પલંગની બંને સાઈડથી નીચે ઉતરી શકે તેવું સમજાવી આ પરણેલાઓ વાંઢાઓની આગળ પોતાની હૈયા વરાળ ઠાલવ્યા કરે છે. આમ છતાં દર વર્ષે લગ્નોની સંખ્યા નવા વિક્રમો બનાવતી જ રહે છે તે એક અલગ વાત છે. વન ટુ થ્રી નામની એક ફિલ્મમાં સુનીલ શેટ્ટી ફોન પર સર, કિસીક રાઈટ સાઈડ? આપકી યા મેરી? પૂથીને તેના બોસના મગજનું દહીં કરી નાંખે છે તો લકમાં લકી ઈમરાનને છાતીમાં ગોળી વાગવા છતાં તે બચી જાય છે તેનું કારણ તેનું કંપની મિસ્ટેકથી રોન્ગ સાઈડે ફીટ થયેલું તેનું હાર્ટ હોય છે બોલો? ડોન કભી રોન્ગ નહીં હોતા... કહે તો શાહરૂખ ભલે બધાને રોન્ગ લાગ્યો હોય પણ ઓરિજનલ ડોન બચ્ચન બાબુ પણ છેલ્લે પેલી લાલ ડાયરીની સાઈડ બદલીને કેટલાયને રોન્ગ સાબિત કરી દે છે.

અરે.. ક્રિકેટમાં બંને બેટ્સમેન એક જ સાઈડ ભેગા થઈને આઉટ થયા કરતા જ હોય છે ને? જો કે અત્યારના ક્રિકેટમાં તો ખેલાડી કઈ સાઈડે રમે છે તે કળવું અઘરું બનતું જાય છે. હમણાં જ પેલી ઓસ્ટ્રેલીયા સામેની વન-ડે પછી ધોનીએ ઈશાંત શર્માને પૂછવું પડેલું જ ને કે 'ભાઈ તું કોની સાઈડથી રમતો હતો?'

માબાપ હંમેશા સંતાનને પહેલાં બંને સાઈડ બરાબર જોઈને પછી જ રોડક્રોસ કરવાની સલાહ આપતા રહે છે. છતાં કેટલાંક તો રોડ સાઈડ પર જ લવકે સાઈડ ઈફેક્ટસ શોધવા મથામણ કરતા નજરે ચઢે છે. એમાં કેટલાક રોન્ગ સાઈડે ચડી ગયાનો અધવચ્ચે અહેસાસ થયા પછી 'કેનાલ સાઈડ' પૂરપાટ દોડવા લાગે છે. ઘરમાં દિકરા અને તેની મમ્મી એ બે વચ્ચે કોની સાઈડ લેવી તે પપ્પા નક્કી કરી શક્તા નથી. જો કે છેવટે તો તેમણે મમ્મીની સાઈડે જ બોલવું હિતાવહ લાગે છે. સોસાયટીની નવરાત્રીમાં કેટલાક અર્વાચીન સ્ટેપ્સ પ્રેમીઓ 'ઉલટે' રમવાનું ચાલુ કે તો, શુધ્ધ દેશી આયોજકો ને તમ્મર ચઢી જતાં હજુ પણ જોવાય છે. સવારે આ જ મહાશયો દૂધ લેવા જતી વખતે સોસાયટીની બહાર નીકળીને પાછળથી આવતા બાઈકસવારને પૂછી નાખે છે. 'બાપુ, કઈ સાઈડ જવાના?' અને કયારેક રીક્ષામાં બેઠા હોય ત્યારે ડ્રાઈવર પૂછે સાહેબ કઈ સાઈડ લઉં? લેફ્ટ કે રાઈટ? ત્યારે બહાર ડાફેળીયાં મારતા જ બોલી નાંખે છે કે આ સાઈડ લઈ લે. હંમેશા રોન્ગ થઈને જ સાઈડે કામ પર જતા જોરૂભા એક દિવસે સ્કૂટર પર આગળ ગેસનો બાટલો મૂકીને આવતા હતા ત્યારે ચાર રસ્તે પાછળ બેઠેલા જીવલાને કહ્યું, 'જીવલા, જરા હાથ બતાડ જે, વળવાનું છે.' અને પછી અકલમઠ્ઠા જીવલાએ હાથેથી 'સાઈડ' બતાવવાના બદલે બાપુની આંખ આગળ હાથ બતાવવા પોતાની હથેળી ધરી દેતા જોરૂભાને ધોળા દિવસે સોરી ચાલુ સ્કૂટરે તારા દેખાઈ ગયા'તા.

ફિલ્મોની ફરી વાત કરીએ તો 'દુલ્હે રાજા' ગોવિંદાની તરફેણમાં વારેઘડીએ બોલતા પોતાના મેનેજર જ્હોની લીવરને કડક કાદરખાન પૂછે છે કે, તુ કીસકી તરફ હૈ? ત્યારે શેઠજી મૈં તો આપકી તરફ હું. કહેતા જ્હોની લીવર હાથ ગોવિંદા તરફ કરે છે ત્યારે કાદરખાન તાડૂકે છે, 'યે કૈસા મેરી તરફ હૈ?' આવા જ હાલ અત્યારે ભાજપમાં અડવાણીના છે. મોદીજી તેમને પૂછી રહ્યા છે કે 'આપ યે કૈસે મેરી તરફ હો?' કેટલાને યુપીએમાં મનમોહનસિંહ પણ રોન્ગ સાઈડે એટલે કે, રાઈટ મેન ઈન રોન્ગ પાર્ટી દેખાય છે. આવી પરિસ્થિતિ પહેલા ભાજપમાં અટલજી પણ ભોગવી ચૂક્યા જ છે. આ રાઈટ મેન ઈન રોન્ગ પાર્ટીનો કોન્સેપ્ટ તો રામાયણ-મહાભારતકાળથી ચાલ્યો આવે છે. રાવણની પાર્ટીમાં વિભિષણ અને કૌરવોની સાઈડે ભીષ્મ પિતામહ આ કોન્સેપ્ટના જન્મદાતા કહી શકાય. વારંવાર સાઈડ બદલનારને નારદ કહેવાની પ્રથા હજુ પણ ચાલુ જ છે. હમણાં તો ચાલુ ડીબેટે ખાસ પાર્ટીની તરફેણ કરવાની અંદરથી આવેલી સૂચના એક ચેનલમા પ્રોગ્રામમાં લાઈવ થતી બધાએ સાંભળી જ હતી ને? આજ ચેનલો અત્યારે સરદાર પટેલ કોની સાઈડે છે તેની ચર્ચામાં લાગી ગઈ છે. કેટલાકના મતે નરેન્દ્ર મોદીએ સરદારને કોંગ્રેસ પાસેથી ખૂંચવી લીધા હોય તેવું ભાસે છે. ત્યારે વડાપ્રધાન પોતે પણ સરદાર તો કોંગ્રેસી હતાની સ્પષ્ટતા કરી જીવ હળવો કરી લે છે. નહેરુએ આ દેશની ગાડી રોન્ગ સાઈડે ચડાવી દીધી છે તેવું માનનારાઓનો વર્ગ સરદાર દેશના વડાપ્રધાન બન્યા હોત તો...ની લોખંડી સ્વપ્નજાળમાંથી બહાર આવવા માંગતો જ નથી. હમણાં જ એનડીએ માંથી પોતાની સાઈડ બદલી લેનારા નીતીશકુમારે જ્યારે પોતાના આંગણે આવીને રોન્ગ સાઈડ ડ્રાઈવ કરનારને શિખામણો આપી તો દીધી પણ પોતાની જ પાર્ટીના શિવાનંદ તિવારીએ તેમને 'રાઈટ સાઈડ પકડવા' જાહેર ભલામણ સંભળાવતા તેમને પરસેવો છુટી ગયો હતો.

ઘણા ચાલકો પોતે રોન્ગ હોવાનું જાણવા છતાં પોતાની સાઈડ બદલતા નથી ત્યારે ઘણા તો રોન્ગ થીને સાઈડોમાં જ પડ્યા હોય છે. પણ આ બધા ભલે રોન્ગ સાઈડે દોડો રાખે. એમાં આપણે આપણી દિવાળી બગાડવાની જરૂર નથી. દિપાવલીના દિપ આપ સૌનાં જીવનને રાઈટ સાઈડ બતાવતા રહે અને વિક્રમ સંવતનું નૂતન વર્ષ આપને કયારેય રોન્ગ સાઈડ જવા મજબૂર ના કરે તેવી શુભેચ્છાઓ... હેપ્પી દિવાલી...